

હે જીવ ! એક સમયના વિકલ્પને દેખીને તું ડર નહીં.....મુંઝા નહીં.....
ઉલ્લસિત વીર્યથી મહિમા લાવીને તારી અંતરની તાકાતને ઉછાળ !

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી


કહાન સં. ૨૩ સં. ૨૦૫૯ [૭૧૭] * આત્મધર્મ * [અંક-૧ વર્ષ-૬૦] વીર સં. ૨૫૨૯ જુલાઈ-૨૦૦૩

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જો કોઈ જીવ અપશબ્દોનો પ્રયોગ કરે છે તો વિવેકી સાધુ એમ વિચારે છે કે આ મનુષ્યે મને ક્રોધથી માત્ર ગાળ જ આપી છે, મારેલ તો નથી. જો તે મારવા લાગી જાય તો તે સાધુ આમ વિચારે છે કે તેણે મને માત્ર માર્યો જ છે, પ્રાણોનો નાશ તો નથી કર્યો. પરંતુ જો તે પ્રાણોનો નાશ કરવામાં ઉદ્યત થઈ જાય તો તેઓ એમ વિચારે છે કે આણે ક્રોધને વશીભૂત થઈને માત્ર મારા પ્રાણોનો જ નાશ કર્યો છે પરંતુ મારા પ્રિય ધર્મનો તો નાશ નથી કર્યો; માટે મારે આ બિચારા અજ્ઞાની પ્રાણી ઉપર ક્રોધ કરવો ઉચિત નથી કારણ કે ક્રોધ ધર્મનો નાશ કરે છે અને પાપનો સંચય કરે છે એમ સમજી બુદ્ધિમાન સાધુ ક્ષમા જ કરે છે. ૭૭૩. *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિત રત્નસંદોહ, શ્લોક–૩૫)*

❀ જો કે કર્મોનો સંબંધ સર્વ જીવોને સમાન છે તોપણ બુદ્ધિમાન પુરુષને (–જ્ઞાનીને) તે હોવા છતાં નહીં હોવા સમાન જ છે; જેમ તરવામાં પ્રવીણ એવા તરવૈયાને માટે વધેલો નદીનો પ્રવાહ. ૭૭૪.

*(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદીપંચવિંશતિ, નિશ્ચય પંચાશત, ગાથા–૫૭)*

❀ જો વ્યક્તિ દૂસરોંકી નિંદા કરનેમેં મૌન રખતે હૈં તથા અપની પ્રસંશાસે ઉદાસીન હૈં, કભી અપની બડાઈ નહીં કરતે હૈં ઔર જો ઈસ પ્રકારકે ગુણોંસે યુક્ત હૈ વે સર્વલોકમેં પૂજનીય હૈં. ૭૭૫.

*(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય શ્લોક–૮૬)*

❀ પદાર્થ ઈષ્ટ–અનિષ્ટ ભાસતાં ક્રોધાદિ થાય છે, જ્યારે તત્ત્વજ્ઞાનના અભ્યાસથી કોઈ ઈષ્ટ–અનિષ્ટ ન ભાસે ત્યારે સ્વયં ક્રોધાદિક ઊપજતાં નથી, અને ત્યારે જ સાચો ધર્મ થાય છે. ૭૭૬.

*(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિકાર–૭, પાનું–૨૩૨)*

❀ વિધિ–દૈવ-ભાગ્ય ભુજંગકે સમાન ટેઢા ચલતા હૈ. કભી વૈભવકે શિખર પર ચઢ઼તા હૈ તો કભી વિપત્તિકી ખાઈમેં ગિરાતા હૈ. આજ શ્રીમંત હૈ તો કલ દરિદ્રી બનકર ઘૂમતા ફિરતા હૈ. જીવન પવનવેગકી તરહ ચંચલ હૈ. ધન કમાનેમેં કષ્ટ. ઉસકી રક્ષા કરનેમેં કષ્ટ. અંતરમેં કિસી કારણસે ધનકા વિયોગ હોને પર યહ જીવ અતિ કષ્ટી હોતા હૈ. યૌવન શીઘ્ર હી નષ્ટપ્રાય હોતા હૈ. તથાપિ યહ જીવ સંસારકી નાનાવિધ સંકટ પરંપરાસે ભયભીત હોતા નહીં. યહ બડા આશ્ચર્ય હૈ. ૭૭૭. *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૨૬૧)*

*

કહાન
સંવત-૨૩
વર્ષ-૬૦
અંક-૧
[૭૧૭]

વીર
સંવત
૨૫૨૯
સં. ૨૦૫૯
JULY
A.D. 2003




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# "ધર્મનું સાચું સ્વરૂપ"

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં–૧૧૫)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૬૭ ગાથા ચાલે છે. તેમાં છેલ્લી ચાર લાઈન છે.

શુદ્ધોપયોગ-પરિણામ અને તેને ધારણ કરવાવાળા પુરુષ જ જગતમાં પ્રધાન છે કેમ કે સંયમાદિ સર્વગુણ શુદ્ધોપયોગમાં જ પ્રાપ્ત થાય છે. માટે શુદ્ધોપયોગ સમાન અન્ય નથી.

આત્માનો ત્રિકાળ સ્વભાવ શુદ્ધ જ્ઞાન અને આનંદ છે. શુભ અને અશુભ બંને ભાવોથી રહિત, આત્માના શુદ્ધપરિણામને ધર્મ કહેવામાં આવે છે. બાકી સ્ત્રી, પુત્ર, પરિવારને સાચવવાના અને ધંધો કરવાના ભાવ તો એકલાં પાપ છે. તેનાથી જીવ દુઃખી છે.

શ્રોતા :—દુઃખ તો નથી લાગતું !

પૂ. શ્રી :—હરખસનેપાત થયો હોય તેને દુઃખ નથી લાગતું પણ શું એ દુઃખી નથી ? તેને વાત, પિત્ત ને કફ ત્રણેય રોગ એકસાથે વકરી ગયા છે તેમ આ અજ્ઞાનીને અનાદિથી મિથ્યાત્વ, અજ્ઞાન અને રાગ-દ્વેષ આ ત્રણેયનો રોગ લાગુ પડેલો છે માટે તે દુઃખી છે.

દુકાને બેઠાં બેઠાં પાંચ-પચીશ હજાર કમાઈ લેતો હોય એટલે તેને તેમાં દુઃખ નથી લાગતું પણ પૈસા કમાવાનો ભાવ પોતે જ પાપ છે અને પાપ છે એ જ દુઃખ છે પણ એને તેનું ભાન નથી. પાપ શું, પુણ્ય શું અને ધર્મ શું છે તેનો એણે કદી

વિચાર કર્યો નથી. પુણ્ય અને પાપ બંને ભાવ દુઃખરૂપ છે, ચારગતિમાં રખડવાનું કારણ છે.

સાકરનો ગોળો હોય તેમ આત્મા આનંદનો ગોળો છે. શરીર તો જડ–માટી–ધૂળ છે. આત્મા તો અરૂપી ચૈતન્યગોળો છે તેમાં ચૈતન્યનો પ્રકાશ છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આત્મામાં નથી, પણ જ્ઞાન, દર્શનાદિ અનંત ગુણો આત્મામાં રહેલાં છે; આવા શુદ્ધાત્માની શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા કરવી એ જ સંયમ છે, એ જ તપ છે, એ જ ધર્મ છે અને એ જ સમકિત અને જ્ઞાન છે, એ જ પચખાણ છે. બાકી લોકો જેને પચખાણ માને છે એ તો વિકલ્પ છે, પુણ્યબંધનું કારણ છે, તેનાથી કાંઈ ચારિગતિનું ભ્રમણ ટળતું નથી. સ્વભાવની સન્મુખતા અને શુભાશુભથી વિમુખના પરિણામથી ધર્મ થાય છે. આવા પરિણામ શુદ્ધોપયોગમાં જ પ્રાપ્ત થાય છે માટે શુદ્ધોપયોગ સમાન અન્ય કોઈ ભાવ નથી.

શુભાશુભથી રહિત શુદ્ધપરિણામની વાત એણે કદી સાંભળી નથી અને વિચારી નથી. એણે તો મહામજૂરીનું કામ જ કર્યું છે. કેમ કે મજૂર હોય એ તો દિવસમાં આઠ કલાક જ કામ કરે પણ આ તો સવારના છ વાગ્યાથી રાતના ૧૦ સુધી કામ જ કર્યા કરે છે માટે એ મોટો મજૂર છે.

**શ્રોતા :**—કેટલો નિમકહલાલ કહેવાય !

**પૂજ્ય ગુરુદેવશ્રી :**—એને નિમકહલાલ કહેવો કે હરામ કહેવો ? વિકારભાવ કરનારો 'હરામ' છે. એણે કદી પોતાના સ્વભાવભાવની દરકાર કરી નથી. ચોરાશીના અવતારમાં રખડતાં રખડતાં અનંતકાળ વીતાવી દીધો. નિગોદમાં ગયો, નરકમાં ગયો, પશુમાં ગયો—એકલી મજૂરી કરી. ખાવા પૂરુ મળે નહિ પણ કામ તો પૂરુ કરવું પડે—એકલાં દુઃખમાં કાળ ગયો. અબજોપતિ શેઠિયા અને રાજા પણ અનંતવાર થયો અને ભિખારી પણ અનંતવાર થયો. મૂઢપણે મિથ્યાત્વભાવના ફળમાં રખડ્યાં જ કર્યો છે. એક આત્માના શરણ વિના ક્યાંય બીજો મુક્તિનો ઉપાય નથી.

ભાઈ ! આ દેહની એક રજકણ પણ તારો નથી. તું તો બીજાં ભવમાંથી અહીં આવ્યો અને માતાના પેટમાંથી આ રજકણ લઈને આવ્યો એ ક્યાં તારાં હતાં ? છતાં તેની સંભાળમાં તારો કાળ જાય છે પણ તારી પોતાની ચીજ શું છે તેની સંભાળ તે એક સમય પણ લીધી નથી. આત્મા અતીન્દ્રિયાનંદની સત્‌ચિદાનંદ મૂર્તિ છે. સત્‌ એટલે શાશ્વત્, ચિદ્‌ એટલે જ્ઞાન અને આનંદની મૂર્તિ છે. આવા આત્માના જ્ઞાનને જ જ્ઞાન કહેવાય છે બાકી બીજાં જ્ઞાનને જ્ઞાન કહેતાં નથી. ડૉકટરના ભણતર કે

વકીલાતની કળા આદિના જ્ઞાન બધાં કુજ્ઞાન છે.

બીજાં બધાંની કિંમત કરનારા એવા તારા આત્માની કાંઈ કિંમત છે કે નહિ? તું કોણ છે તેની પ્રથમ ઓળખાણ તો કર! સ્ત્રી, પુત્ર, બંગલા આદિ તને સારાં લાગે છે પણ તારામાં કાંઈ સારૂં છે કે નહિ? તેની સમજણ કર ભાઈ! તારાં માટે બીજું કોઈ સારું નથી, તું એક જ તારાં માટે સારો છો. માટે તારાં શુદ્ધસ્વરૂપની શ્રદ્ધા અને જ્ઞાન કર! તારાં માટે તું જ સારો છો.

આવી જ શુદ્ધોપયોગની મહિમા અન્ય ગ્રંથમાં પણ કહી છે. પ્રવચનસારમાં આ ગાથા આવે છે તેનો ભાવાર્થ એ છે કે શુદ્ધોપયોગીને જ મુનિપદ કહ્યું છે, તેને જ દર્શન, જ્ઞાન કહ્યાં છે, તેને જ નિર્વાણની પ્રાપ્તિ કહી છે, તે જ શુદ્ધ અર્થાત્ રાગાદિ રહિત છે તેમને અમારાં નમસ્કાર છે.

અંતરમાં પવિત્રતાના પરિણામ દ્વારા આત્મામાં એકાગ્રતા થાય તેને ભગવાને મુનિપદ અથવા ચારિત્ર કહ્યું છે. ધર્મનું પ્રથમ પગથિયું જે દર્શન અને જ્ઞાન પણ તેને જ કહ્યાં છે. આ જ્ઞાન વિનાના બધાં મીંડા નકામા છે. સાચા જ્ઞાન વિનાની બધી ક્રિયા રખડવાનું કારણ છે. તું પોતે ચૈતન્યસૂર્ય છો તેનું અંતરમાં જ્ઞાન થવું તેનું નામ શુદ્ધપરિણામ છે, તેને જ 'જ્ઞાન' કહે છે, એ જ તને સુખરૂપ અને આનંદરૂપ છે. બાકી સંસારના જાણપણાં બધાં દુ:ખરૂપ છે—કંટાળારૂપ છે, ખેદરૂપ છે.

અરે! એણે કદી પોતાની દયા ન કરી. એક ભવ પછી બીજો અને બીજા પછી ત્રીજો એમ ભવ ઉપર ભવમાં રખડતો જ રહ્યો છે છતાં એમ નથી થતું કે, આ શું મારાં નસીબમાં રખડવાનું જ છે! મને કોઈનું શરણ છે કે નહિ!

આ બધું દેખાય છે તેને દેખનારો કોણ છે? એ જ ભગવાન આત્મા છે, તેને દેખ અને શ્રદ્ધા-જ્ઞાન કર તો જ તને શાંતિ અને સુખ થશે. શુદ્ધસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન કરનારનો જ મોક્ષ થાય છે તેને અમારાં નમસ્કાર છે. णिव्वाणं सो चिय सुद्धो णमो तस्स। —શ્રી પ્રવચનસાર

આગળ કહે છે કે નિશ્ચયથી પોતાનો શુદ્ધભાવ જ ધર્મ છે. પહેલાં શુદ્ધોપયોગની મુખ્યતાથી વાત હતી, હવે ધર્મની મુખ્યતાથી કહે છે. બંને વાત એક જ છે. બંનેમાં શુદ્ધપરિણામની જ વ્યાખ્યા છે.

भाउ विसुद्धउ अप्पणउ धम्मु भणेविणु लेहु
चउ-गइ-दुक्खहँ जो धरि जीउ पडंतउ एहु ॥६८॥

અર્થ :—મિથ્યાત્વ, રાગાદિથી રહિત શુદ્ધ પરિણામ છે તે જ પોતાના છે, અશુદ્ધ પરિમામ પોતાના નથી માટે શુદ્ધભાવને જ ધર્મ સમજીને અંગીકાર કરો કે જે આત્મધર્મ, સંસારમાં પડેલાં જીવોને ચારગતિના દુઃખથી છોડાવીને આનંદ-સ્થાનમાં લઈ જાય છે.

ભગવાન આત્મા અરૂપી પણ સ્વરૂપવાન છે. જ્ઞાન-આનંદની પાટ છે. જેમ આ જડ-માટી દેખાય છે તે વસ્તુ છે તેમ આત્મા પણ એક વસ્તુ છે, અસ્તિ છે, સત્તા છે, પદાર્થ છે કે જેનું સ્વરૂપ અરૂપી છે, તેમાં પણ અનંતગુણનું સામર્થ્ય ભરેલું છે.

દેહની ક્રિયા હું કરું છું એ મિથ્યાત્વ છે, પાપના ભાવમાં મને મજા પડે છે એવી બુદ્ધિ તે મિથ્યા-અસત્ બુદ્ધિ છે અને શુભભાવથી મને ધર્મ થશે એવી બુદ્ધિ તે પણ મિથ્યાબુદ્ધિ છે. આવા મિથ્યાત્વભાવ અને રાગાદિભાવથી રહિત પોતાના શુદ્ધ પરિણામ થાય છે તે જ પોતાનું સ્વરૂપ છે. આ દેહ તો જડપદાર્થ છે, તે સ્વતંત્ર છે. તેનું પરિણમન કેમ થવું અને કેમ રહેવું એ જીવને આધીન નથી. આ શ્વાસ ચાલે છે તે પણ આત્મા નથી, જડ છે. શ્વાસ પૂરા થાય ત્યારે જીવ ખ્યાલ કરે તો ખ્યાલમાં આવે પણ તેને રોકી ન શકે. જો એ પોતાના હોય તો તો કરી શકે ને ! એક શ્વાસની ક્રિયાને પણ કરી શકતો નથી છતાં મૂઢ મફતનો અભિમાન કરીને મરી ગયો છે.

જે તારાંથી જુદાં પડી જાય છે તે તારાં કેમ હોય ? આ પુણ્ય-પાપ ભાવ પણ તારાં નથી. શુદ્ધસ્વભાવ સન્મુખના પરિણામ થાય એ જ તારાં પરિણામ છે. અશુદ્ધ પરિણામ તારાં નથી—એ તો બંધના કારણ છે. જેમાં આકૂળતાનો દુઃખનો સ્વાદ આવે છે તે અશુદ્ધ પરિણામ છે, જેમાં અનાકુળ આનંદનો સ્વાદ આવે છે તે શુદ્ધ પરિણામ છે.

અજ્ઞાનીજીવ મમતાથી પુત્રાદિને પોતાના માને પણ એ ક્યાં પોતાના થવાના હતાં ? પુત્રની મમતા ખાતર ધનાદિનો સંયમ કરે પણ, 'પુત્ર કુપુત્ર તો સંચય શાનો ? અને પુત્ર સુપુત્ર તો સંચય શાનો ?' પુત્ર પુણ્ય લઈને આવ્યો હશે તો તો તારાં પૈસા કરતાં એને વધારે મળી રહેશે અને પુત્ર કુપાત્ર પાક્યો હશે તો, તે ભેગાં કરેલાં ધનાદિને ક્ષણમાં ઉડાડી દેશે માટે તું આ કોના માટે સંગ્રહ કરીને બેઠો છો ? કોઈને પુત્ર જ ન હોય તેથી શું છે ! પરની સાથે આત્માને કાંઈ સંબંધ નથી.

શુદ્ધાત્માના શ્રદ્ધા-જ્ઞાનરૂપ ધર્મ જ જીવને ચારેય ગતિના દુઃખમાંથી બહાર કાઢનાર છે. જુઓ ! સ્વર્ગ અને મનુષ્યગતિ પણ દુઃખરૂપ કહી છે. નિજાત્માના શુદ્ધભાવ સિવાય બધામાં દુઃખ જ છે. કૃષ્ણકુમારસિંહજી ૫૩ વર્ષની ઉંમરે હમણાં ગુજરી ગયા

ને ! દેહની સ્થિતિ પૂરી થાય ત્યાં કોઈ રોકી શકે છે ! દેહની સ્થિતિ જ્યાં, જે ક્ષણે, જે નિમિત્ત દ્વારા પૂરી થવાની હોય તેમાં ત્રણકાળમાં કોઈ ફેર કરી ન શકે. આ તો સાધારણ રાજા હતાં પણ મોટાં ચક્રવર્તી હોય તોપણ શું ! કરોડોના બંગલામાં સૂતો હોય અને સવારે જુઓ તો કાંઈ ન હોય ? દેહની સ્થિતિને ફેરવવા ઇન્દ્ર કે નરેન્દ્ર કોઈ પણ સમર્થ નથી. પણ એને ભરોસો નથી તેથી ડોકટરને બોલાવે ને અનેક ઉપાય કરે પણ તેથી શું થાય !

'શુદ્ધસ્વભાવનું જ્ઞાન કરવું' એ પરિણામ જ એને ચારગતિના પરિભ્રમણથી રોકનાર છે. એ સિવાય રાજા કે રંક, કંથવો કે હાથી, સ્વર્ગનો દેવ કે નારકી બધાં દુ:ખી છે, કારણ કે એ બધાં વિકારની ઉત્પત્તિ કરીને પડ્યાં છે અને પોતે જ દુ:ખ છે માટે તે બધાં દુ:ખી છે.

ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે પણ તેમાં ટકાય શી રીતે ? તો કહે છે કે પોતાના શુદ્ધભાવથી આનંદમાં ટકાય છે. બાકી શુદ્ધભાવ સિવાયના શુભાશુભભાવ તો એને ચારગતિમાં રખડાવે છે. ધર્મ કોને કહેવાય કે જે જીવને ચાર ગતિમાં પડતો રોકીને, આનંદમાં ધારી રાખે તે 'ધર્મ' છે.

ભાવાર્થ :—ધર્મ શબ્દનો શબ્દાર્થ એવો છે કે સંસારમાં પડતા પ્રાણીઓને રોકીને, મોક્ષપદમાં સ્થિર કરે તે ધર્મ છે. આ મોક્ષપદ દેવેન્દ્રો, નાગેન્દ્રો અને નરોન્દ્રો દ્વારા વંદનયોગ્ય છે.

આત્માની દશામાં પૂર્ણ અતીન્દ્રિયાનંદની પ્રાપ્તિને મુક્તિ કહે છે. આવી મુક્તિને પ્રાપ્ત ભગવાનને દેવેન્દ્રો પણ વંદન કરે છે. તે દેવેન્દ્રો એટલે કોણ ? કે જે ૩૨ લાખ વિમાનના સ્વામી હોય છે. એક વિમાનમાં અસંખ્ય અબજ વર્ષના આયુષ્યવાળા અસંખ્યદેવ હોય છે એવા ૩૨ લાખ વિમાનનો સ્વામી સૌધર્મઇન્દ્ર પોતે ૨ સાગરના આયુષ્યવાળો હોય છે તે પણ મુક્તિપદનો આદર કરે છે, પરમાનંદદશાને વંદન કરે છે.

શુભભાવ કે અશુભભાવ આદરવાયોગ્ય કે વંદનયોગ્ય નથી, અંતરનું શુદ્ધપદ જ જીવને ધર્મ અને મોક્ષ અપાવે છે માટે તે આદર અને વંદનયોગ્ય પદ છે.

મુનિરાજ જંગલમાં બાવળના ઝાડ નીચે બેઠા હોય, પવન આવતો હોય અને માથે કાંટા પડતાં હોય, મુનિ પોતાના અતીન્દ્રિયાનંદને લેતાં હોય... ત્યાં હાથીના હોદે ચક્રવર્તીરાજા નીકળે અને મુનિરાજને દૂરથી જુએ ત્યાં તો હાથી ઉપરથી ઉતરીને ધન્ય અવતાર... ધન્ય અવતાર કરતો મુનિરાજને ભક્તિથી વંદન કરે છે. પોતે ૯૬ કરોડ

પાયદળનો સ્વામી છે, ૯૬ હજાર તો જેને રાણી છે, ૧૬ હજાર દેવો જેની સેવામાં છે, ૮૪ લાખ હાથી લઈને જીતવા નીકળ્યો હોય પણ પોતે સમકિતી હોય તો એને અતીન્દ્રિયાનંદમાં મોજ માણતાં મુનિનો આદર છે તેથી નમી પડે છે.

અતીન્દ્રિય આનંદ વગર, સમાધિ લઈને ઘણાં પડ્યાં હોય તેની વાત નથી. આ તો જે અતીન્દ્રિયાનંદની મૂર્તિમાં મીટ માંડીને અંદરમાં પડ્યાં છે, પોતાની દશાને દશાવાનમાં વાળીને પડ્યાં છે તેનો અવતાર ધન્ય છે. તેથી દેવેન્દ્રો પણ મોક્ષને અને મોક્ષના સાધક સંતોને વંદે છે. દેહ, મન, વાણી અને પુણ્ય-પાપથી રહિત એવા તે ધર્મના ધારકોને નાગેન્દ્ર પણ વંદે છે.

ઉપરના સ્વર્ગના ઇન્દ્ર તે દેવેન્દ્ર છે, નીચેના અસુર દેવોના ઇન્દ્ર તે નાગેન્દ્ર છે અને મનુષ્યોના ઇન્દ્ર તે નરેન્દ્ર છે. આ બધાં ઇન્દ્રો દ્વારા આ મોક્ષપદ વંદનીય છે. મોક્ષ અને મોક્ષના સાધકો બંને વંદન યોગ્ય છે.

જે આત્માનો નિજસ્વભાવ છે તે જ ધર્મ છે, પુણ્ય-પાપના વિકલ્પો તે ધર્મ નથી, આત્માના સ્વભાવથી વિરુદ્ધભાવ છે માટે તે અધર્મ છે.

હીરા આદિ ચીજોની કિંમત આંકનારા એવા આત્માની કિંમત કાંઈ છે કે નહિ? તેં તારી કિંમત તો આંકી કે નહિ? પોતે કોણ છે અને પોતાની મહિમા શું છે એની ખબર નથી અને દુનિયામાં ડાહ્યાં છે તે મોક્ષમાં જવાના છે.

જેણે આત્માને જોયો, જાણ્યો અને અનુભવ્યો, તેણે જ આત્માની કિંમત આંકી છે. તેને નિજસ્વભાવ ધર્મ પ્રગટ થયો છે. આ શુદ્ધભાવરૂપ ધર્મમાં જ વીતરાગે કહેલાં બધાં ધર્મો સમાઈ જાય છે. શુદ્ધસ્વભાવ સન્મુખના નિર્મળ પરિણામમાં ભગવાને કહેલાં બધાં ધર્મોનો સમાવેશ થઈ જાય છે.

એક, 'અહિંસા' જેનું લક્ષણ છે એવો દયાધર્મ શુદ્ધભાવ વિના હોતો નથી. ભગવાને 'અહિંસા' કોને કહી છે?—કે આત્મામાં શુભ-અશુભભાવોની ઉત્પત્તિ ન થવી અને સ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતાનાં અવિકારી પરિણામની ઉત્પત્તિ થવી, તેને ભગવાને અહિંસા કહી છે. પરજીવોની હિંસા ન કરવી તેને પણ અહિંસા કહે છે પણ ખરેખર પરજીવોને કોઈ મારી શકતું જ નથી. એ તેના આયુની પૂર્ણતાથી મરે છે આયુષ્ય હોય તો ઝેર ખાય તો પણ જીવે છે માટે પરની દયા કોઈ પાળી શકતું નથી.

'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ,
અનંતાજીવ મુકતે ગયા, દયા તણાં ફળ જાણ.'

આ કઈ દયા ? આ સ્વદયાની વાત છે. ભગવાને ધર્મના જેટલા પ્રકાર કહ્યાં છે તે બધાં આત્માના શુદ્ધભાવમાં પ્રગટ થતી નિર્મળ પરિણતિમાં સમાઈ જાય છે. શુદ્ધસ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ સિવાય ધર્મની બીજી કોઈ રીત નથી.

જીવના શુદ્ધભાવ વિના અહિંસાધર્મ થતો નથી. પરજીવની દયા કોઈ પાળી શકતું નથી. નાની ઉંમરમાં સ્ત્રી મરવા પડી હોય, બચાવવાનો ઘણો પ્રયત્ન કરતો હોય પણ શું બચાવી શકે છે ? જીવના ભાવથી પરદ્રવ્યની દયા પળાતી હોય તો બચાવે ને ! જેને અર્ધાંગના માને છે તેને પણ બચાવી શકતો નથી તો બીજાં કોને બચાવી શકે ? વ્હાલો દીકરો મરતો હોય તે જો તારાં ભાવથી બચતો હોય તો બચાવી લે ને ! આયુષ્ય હોય તો બચી જાય પણ તારાં ભાવથી એ બચી શકતો નથી.

દેહની સ્થિતિ જે કાળે, જે ક્ષેત્રે, જે રીતે પૂરી થવાની તે થવાની, તેને લાખ ઉપાયથી પણ કોઈ ફેરવી શકે નહિ. ઉપરથી દેવને કે ઇન્દ્રને ઉતારે પણ તેમાં ફેર ન પડે. તું તો તારાં પરિણામને કરી શકે છો. જેટલી પવિત્રતા જોઈએ તેટલી તારાં સ્વરૂપમાં પડી છે. માટે નક્કી કર કે હું પવિત્રતાની પૂર્ણતાનું ધામ—આત્મા છું.

શુદ્ધસ્વભાવ સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતાને ભગવાને અહિંસા કહી છે. શુદ્ધભાવ વિના અહિંસા હોતી નથી.

બીજો શ્રાવક અને ત્રીજો મુનિધર્મ—એ પણ શુદ્ધભાવ વિના હોતો નથી. ગૃહસ્થાશ્રમમાં શ્રાવકધર્મ પ્રગટ થાય છે તે પણ શુદ્ધભાવમાં એકાગ્રતા કરવાથી પ્રગટ થાય છે. જેટલી પવિત્રતા કહેવાય તે બધી ઊંચામાં ઊંચી પવિત્રતા મારી ચૈતન્યખાણમાં ભરી છે એવો હું પવિત્રતાની ખાણ છું તેમાંથી શાંતિ આવ્યા જ કરે છે, જેટલી એકાગ્રતાની કળા કેળવે એટલી શાંતિ વિશેષ થાય. બાકી, આ નિધિ એવી છે કે કદી ખૂટે તેવી નથી. પણ જેમ હરણને પોતાની ડૂંટીમાં કસ્તૂરી છે એ વાતનો વિશ્વાસ બેસતો નથી તેમ અજ્ઞાનીને પોતાની ચૈતન્યખાણની નિધિનો વિશ્વાસ નથી.

શુદ્ધ ચિદાનંદ આત્માનો જે નિર્મળ પર્યાય પ્રગટ થાય તે વીતરાગે કહેલો શ્રાવકનો ધર્મ છે, સાથે બારવ્રતના વિકલ્પ ઊઠે છે પણ તે પરમાર્થધર્મ નથી.

શ્રાવક અને મુનિના ધર્મની જાતમાં ફેર નથી. ઓછી નિર્મળતા તે શ્રાવકની દશા છે અને વિશેષ નિર્મળતા તે મુનિધર્મ છે. નિશ્ચય સ્વરૂપમાં દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા એ જ મુનિના આવશ્યક કર્મ છે, તે નિયમથી કરવાયોગ્ય છે. સામાયિકાદિ શુભવિકલ્પ સાથે છે તેને વ્યવહાર આવશ્યક કહેવાય છે. પરમાર્થધર્મ તો આત્માના

શુદ્ધભાવમાં જ છે. કોઈ એમ કહે કે શ્રાવકનો ધર્મ તો શુભભાવમાં સમાય છે તો ખોટી વાત છે. વીતરાગદેવે કહેલો ધર્મ વીતરાગતામાં સમાય કે રાગમાં ? જેટલાં અંશે શુદ્ધ પરિણામ પ્રગટ થાય છે એટલો જ ધર્મ છે.

આમાં સમજાણું કાંઈ ? સમજાવનારમાંથી સમજણ આવતી નથી, વાણીથી પણ સમજણ આવતી નથી, સમજનાર તત્ત્વમાંથી સમજણ આવે છે.

વીતરાગ પરિણામ તે જિનભાષિત ધર્મ છે. જેટલાં અંશે દેહ અને શુભાશુભ ભાવોથી રહિત શુદ્ધ આનંદધામમાં એકાગ્રતા કરે છે તેટલી શુદ્ધતા પ્રગટ થાય છે તે ધર્મ છે, તેમાં ઉગ્રશુદ્ધતા તે મુનિનો ધર્મ છે અને મંદશુદ્ધતા તે શ્રાવકનો ધર્મ છે.

આમ, ભગવાને શુદ્ધતામાં ધર્મ કહ્યો છે, શુભાશુભ વિકલ્પોમાં ભગવાને ધર્મ કહ્યો નથી.

હવે આગળ દસલક્ષણધર્મની વાત આવશે. (ક્રમશઃ)

કોઈએ પોતાના મુનિમ ઉપર પત્ર લખ્યો કે અમુક રૂપિયા બેંકમાં મૂકો. મુનિમે બેંકમાં તે મૂક્યા. તેમાં જીવે પત્ર લખવાનો વિકલ્પ કર્યો માટે પત્ર લખાયો એમ નથી, પત્ર આવ્યો માટે મુનિમને બેંકમાં રૂપિયા મૂકવાનો વિકલ્પ આવ્યો એમ નથી અને મુનિમને વિકલ્પ આવ્યો માટે રૂપિયા બેંકમાં મૂકાયા તેમ પણ નથી. તેવી જ રીતે, રૂપિયા બેંકમાં મૂકાવાના હતા માટે મુનિમને વિકલ્પ આવ્યો એમ નથી. એ પ્રમાણે દરેકમાં સમજી લેવું. જીવનો વિકલ્પ સ્વતંત્ર, કાગળની અવસ્થા સ્વતંત્ર, મુનિમનો વિકલ્પ સ્વતંત્ર અને રૂપિયાની અવસ્થા સ્વતંત્ર. મુનિમને વિકલ્પ આવ્યો ત્યારે કાગળને નિમિત્ત કહેવાયો તથા બેંકમાં રૂપિયા જવાની અવસ્થા થઈ ત્યારે મુનિમના વિકલ્પને નિમિત્ત કહેવાયો.

પ્રશ્ન :—ઉપાદાનમાં નિમિત્ત કંઈ કરતું નથી એ વાત તો સાચી, પણ નિમિત્ત હોય ત્યારે ઉપાદાનમાં વિલક્ષણ અવસ્થા તો થવી જ જોઈએને ? જેમ કે અગ્નિરૂપી નિમિત્ત આવે ત્યારે પાણીને ઉષ્ણ થવું જ જોઈએ.

ઉત્તર :—એ વાત ખોટી છે. જે પાણીના પર્યાયની લાયકાત તે વખતે ઉષ્ણ થવાની હતી તે જ પાણી અગ્નિના સંયોગમાં આવ્યું છે અને પોતાની તેવી લાયકાતથી પોતાની મેળે જ ઉષ્ણ થયું છે પણ અગ્નિના કારણે તેને વિલક્ષણ થવું પડ્યું નથી અર્થાત્ અગ્નિએ પાણીને ઉષ્ણ કર્યું નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

# ❋ ઉપાદાન–નિમિત્તની સ્વતંત્રતા ❋

પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું વ્યાખ્યાન
ભાદરવા વદ ૧, વીર સંવત ૨૪૭૩

## ૧૯. સમ્યક્ નિયતવાદ અને તેનું ફળ.

પ્રશ્ન :—આ તો નિયતવાદ થઈ જાય છે?

ઉત્તર :—આ સમ્યક્ નિયતવાદ છે, મિથ્યા નિયતવાદ નથી. સમ્યક્ નિયતવાદ એટલે શું? જે પદાર્થમાં જે સમયે, જે ક્ષેત્રે, જે નિમિત્તે, જેમ થવાનું છે તેમ જ થવાનું છે, તેમાં કિંચિત્ પણ ફેરફાર કરવા કોઈ સમર્થ નથી એવો જ્ઞાનમાં નિર્ણય કરવો તે સમ્યક્ નિયતવાદ છે અને તે નિર્ણયમાં સ્વભાવ તરફનો અનંત પુરુષાર્થ આવી જાય છે. બધું જ નિયત છે એમ જે જ્ઞાને નિર્ણય કર્યો તે જ્ઞાનમાં એમ પણ નિર્ણય થઈ ગયો કે કોઈ પણ પર દ્રવ્યમાં કંઈ પણ ફેરવવા હું સમર્થ નથી. એ રીતે, નિયતનો નિર્ણય કરતાં 'હું પરનું કરી શકું છું' એવો અહંકાર ટળી ગયો અને જ્ઞાન પરથી ઉદાસીન થઈને સ્વભાવ તરફ વળ્યું. હવે પોતાના પર્યાયો પણ ક્રમબદ્ધ જ છે. તે ક્રમબદ્ધપણાનો નિર્ણય કરનાર જ્ઞાન, રાગ હોવા છતાં તેનો નિષેધ કરીને દ્રવ્યસ્વભાવ તરફ ઢળે છે. તે કઈ રીતે ઢળે છે? કે તે જ્યારે રાગને જાણે છે ત્યારે એમ જાણે છે કે મારા ક્રમબદ્ધપર્યાયો મારા દ્રવ્યમાંથી પ્રગટે છે. દ્રવ્ય જ એક પછી એક પર્યાયરૂપે દ્રવે છે. ત્રિકાળી દ્રવ્ય રાગસ્વરૂપ નથી, માટે આ જે રાગ થયો છે તે મારું સ્વરૂપ નથી અને હું તેનો કર્તા નથી. આ રીતે, સમ્યક્ નિયતવાદનો પોતાના જ્ઞાનમાં જેણે યથાર્થ નિર્ણય કર્યો તે જીવનું જ્ઞાન પોતાના શુદ્ધ સ્વભાવ તરફ ઢળ્યું અને તેને સ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન થયાં તથા તે પરથી ઉદાસીન થયો, રાગનો અકર્તા થયો ને પરથી તથા વિકારથી ખસીને તેની બુદ્ધિ સ્વભાવમાં જ રોકાણી. આ સમ્યક્ નિયતવાદનું ફળ છે. તેમાં જ્ઞાન અને પુરુષાર્થનો સ્વીકાર છે. જે જીવ નિયતવાદને એટલે કે જેમ થવાનું હશે તેમ થશે એમ માને છે, પરંતુ નિયતવાદના નિર્ણયમાં પોતાના જે જ્ઞાન અને પુરુષાર્થ આવે છે તેનો સ્વીકાર કરતો નથી અર્થાત્ સ્વભાવ તરફ ઢળતો નથી તે મિથ્યાદૃષ્ટિ છે; અને નિયતવાદ ગૃહીત મિથ્યાત્વનો ભેદ છે તેથી ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે.

## ૨૦. આ જૈનદર્શનનું મૂળભૂત રહસ્ય છે.

જે અજ્ઞાનીઓ યથાર્થ નિર્ણય ન કરી શકે તેમને એમ લાગે છે કે આ તો

એકાંત નિયતવાદ થઈ જાય છે, પરંતુ આ નિયતવાદનો યથાર્થ નિર્ણય કરતાં તો પોતાના કેવળજ્ઞાન સ્વભાવનો નિર્ણય થઈ જાય છે. ગુરુ, શિષ્ય, શાસ્ત્ર વગેરે બધાય પદાર્થોની જે સમયે જે પર્યાય થવાની લાયકાત હોય તે સમયે તે જ પર્યાય થાય એમ નક્કી કર્યું ત્યાં પોતે તેનો જાણનાર રહી ગયો. જાણવામાં વિકલ્પ નથી અને જાણનાર જે અસ્થિરતાનો વિકલ્પ ઊઠે છે તેનો કર્તા નથી. એ રીતે ક્રમસર પર્યાયની શ્રદ્ધા થતાં દ્રવ્યદૃષ્ટિ થઈને રાગનું કર્તાપણુ ઉડી જાય છે. આવા સમ્યક્ નિયતવાદની શ્રદ્ધામાં જ પાંચે સમવાય એકસાથે સમાઈ જાય છે. પ્રથમ તો જે સમયે સ્વભાવના જ્ઞાન અને શ્રદ્ધાન કર્યા તે પુરુષાર્થ, તે સમયે જે નિર્મળ પર્યાય પ્રગટવાનું નિયત હતું તે જ પર્યાય પ્રગટ્યો છે તે નિયતિ, તે સમયે જે પર્યાય પ્રગટ્યો તે જ સ્વકાળ, તે સમયે જે પર્યાય પ્રગટ્યો તે સ્વભાવમાં હતો તે જ પ્રગટ્યો છે તેથી તે સ્વભાવ અને તે સમયે પુદ્ગલ કર્મનો સ્વયઉ અભાવ હોય છે તે અભાવરૂપ નિમિત છે અને સદ્‌ગુરુ વગેરે હોય છે તે સદ્‌ભાવરૂપ નિમિત્ત છે. પર્યાય ક્રમબદ્ધ જ થાય છે એની શ્રદ્ધા કરતાં અથવા તો સમ્યક્ નિયતવાદનો નિર્ણય કરતાં જીવ જગતનો સાક્ષી થઈ જાય છે. આમાં સ્વભાવનો અનંત પુરુષાર્થ સમાય છે. આ જૈનદર્સનનું મૂળભૂત રહસ્ય છે.

**૨૧. સમ્યક્ નિયતવાદ ને મિથ્યા નિયતવાદ.**

શ્રી ગોમટ્ટસાર કર્મકાંડ ગાથા ૮૮૨મા જે નિયતવાદી જીવને ગૃહીત મિથ્યાદૃષ્ટિ કહ્યો છે તે જીવ વાત તો નિયતવાદની કરે છે પણ પોતાના જ્ઞાનમાં જ્ઞાતા–દ્રષ્ટાપણાનો પુરુષાર્થ કરતો નથી. જો સમ્યક્ નિયતવાદનો યથાર્થ નિર્ણય કરે તો સ્વભાવનો જ્ઞાતા–દ્રષ્ટાપણાનો પુરુષાર્થ તેમાં આવી જ જાય. પણ તે જીવ તો એકલા પર લક્ષે જ નિયતવાદ માની રહ્યો છે અને નિયતવાદના નિર્ણયમાં પોતાના જે જ્ઞાન અને પુરુષાર્થ કાર્ય કરે છે તેને તે સ્વીકારતો નથી તેર્થા તે જીવ મિથ્યા નિયતવાધી છે અને તેને જ ગૃહીત મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. નિયતવાદનો સમ્યક્ નિર્ણય તો ગૃહીત તેમ જ અગૃહીત મિથ્યાત્વનો નાશ કરનાર છે. સમ્યક્ નિયતવાદ કહો કે સ્વભાવ કહો, તેમાં તો દરેક સમયની પર્યાયની સ્વતંત્રતા સિદ્ધ થઈ જાય છે. જો જીવ આ ન્યાય બરાબર સમજે તો ઉપાદાન–નિમિત્ત સંબંધી બધા ગોટાળા પણ ઠળી જાય. કેમ કે જે વસ્તુમાં જે સમયે જે પર્યાય થવાની છે તે વસ્તુમાં તે સમયે તે જ પયાય થાય છે, તો પછી 'અમુક નિમિત્ત જોઈએ અથવા અમુક નિમિત્ત વગર કાર્ય ન થાય' એવી વાતને અવકાશ જ ક્યાં છે ? સમ્યક્ નિયતવાદનો નિર્ણય કરવામાં પુરુષાર્થ છે, સાચાં શ્રદ્ધા–જ્ઞાન કાર્ય કરે છે અને બુદ્ધિ સ્વભાવમાં રોકાય છે, છતાં તે બધાને જે જીવ

નથી માનતો અને નિયતવાદની વાત કરે છે તે જીવને એકાંત ગૃહીત મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવ્યો છે પણ જે જીવ નિયતવાદને માનીને પરના અને રાગના કર્તાપણાનો અભાવ કરે છે તથા જ્ઞાતા–દ્રષ્ટાપણાનો સાક્ષીભાવ પ્રગટ કરે છે તે જીવ તો અનંત પુરુષાર્થી સમ્યગ્દૃષ્ટિ છે.

**૨૨. કોણ કહે છે કે સમ્યક્ નિયતવાદ ગૃહીત મિથ્યાત્વ છે?**

સમ્યક્ નિયતવાદ ગૃહીત મિથ્યાત્વ નથી પણ વીતરાગતાનું કારણ છે. જેઓ આવા સમ્યક્ નિયતવાદને એકાંત મિથ્યાત્વ કહે છે તેઓ આ વાતને યથાર્થ સમજ્યા તો નથી, પણ આ વાત તેમણે બરાબર સાંભળી પણ નથી. 'બધા જ પદર્થોમાં જેમ બનવાનું હોય તેમ જ બને છે' એમ નિર્ણય કરતાં, એક પર્યાય ઉપરથી દૃષ્ટિ છૂટીને ત્રિકાળ દ્રવ્ય તરફ દૃષ્ટિ લંબાણી અર્થાત્ દ્રવ્યદૃષ્ટિ થઈ, એટલે પરને અને સ્વને વર્તમાન પર્યાય પૂરતા જ ન માન્યા પણ કાયમના માન્યા. આત્માનો કાયમનો સ્વભાવ તો રાગ રહિત શુદ્ધ છે તેથી તે જીવ રાગનો અકર્તા થયો અને પરપદાર્થોને કાયમના માન્યા એટલે તે પદાર્થોમાં તેમના ત્રણે કાળના પર્યાયોની લાયકાત પડી છે તે મુજબ જ તેમની અવસ્થા સ્વતંત્રપણે થાય છે એમ માન્યું. આ રીતે સમ્યક્ નિયતવાદના નિર્ણયમાં સ્વતંત્રતાની પ્રતીતિ થઈ. પોતાની અવસ્થાનો આધાર દ્રવ્ય છે ને દ્રવ્યસ્વભાવ તો શુદ્ધ છે એવી પ્રતીતિપૂર્વક 'જેમ બનવાનું હોય તેમ જ બને છે' એમ જે માને છે તે જીવ વીતરાગી સમ્યગ્દૃષ્ટિ છે. આ નિયતવાદ તો વીતરાગતાનું કારણ છે.

નિયતવાદના બે પ્રકાર છે : એક સમ્યક્ નિયતવાદ ને બીજો મિથ્યા નિયતવાદ. સમ્યક્ નિયતવાદ તો વીતરાગતાનું કારણ છે. એનું સ્વરૂપ ઉપર બતાવ્યું છે. કોઈ જીવ 'જેમ બનવાનું હોય તેમ જ બને છે' એમ નિયતવાદને માને ખરો, પરંતુ પરનું લક્ષ અને પર્યાયદૃષ્ટિ છોડીને સ્વભાવ તરફ ઢળે નહિ, નિયતવાદને જે નક્કી કરનાર છે એવા પોતાના જ્ઞાન અને પુરુષાર્થની સ્વતંત્રતાને સ્વીકારે નહિ, પરના અને વિકારના કર્તાપણાનું અભિમાન છોડે નહિ અને એ રીતે પુરુષાર્થને ઉથાપીને સ્વચ્છંદે પ્રવર્તે છે તો તેને ગૃહીત મિથ્યાદૃષ્ટિ કહ્યો છે.

'જેમ થવાનું હોય તેમ જ થાય છે' એમ માત્ર પરલક્ષે માન્યું તે યથાર્થ નથી. 'જેમ થવાનું હોય તેમ જ થાય છે' એવો જો યથાર્થ નિર્ણય હોય તો જીવનું જ્ઞાન પર પ્રત્યે ઉદાસીન થઈને પોતાના સ્વભાવમાં વળી જાય અને તે જ્ઞાનમાં યથાર્થ શાંતિ થઈ જાય. તે જ્ઞાન સાથે જ પુરુષાર્થ, નિયતિ, કાળ, સ્વભાવ ને કર્મ–એ પાંચે સમવાય હોય છે.

૨૩. મિથ્યા નિયતવાદના ઉપલક્ષણો.

પ્રશ્ન :—મિથ્યા નિયતવાદી જીવ પણ પર વસ્તુ ભાંગી જાય કે નષ્ટ થઈ જાય ત્યારે 'જેમ બનવાનું હતું તેમ જ બન્યું છે' એમ માનીને શાંતિ તો રાખે છે, તો પછી તેને સમ્યક્ નિયતવાદનો નિર્ણય કેમ નથી ?

ઉત્તર :—તે જીવ જે શાંતિ રાખે છે તે યથાર્થ નથી, પણ મંદકષાયરૂપ શાંતિ છે. જો તેને નિયતવાદનો યથાર્થ નિર્ણય હોય તો, જેવી રીતે તે એક પદાર્થનું 'જેમ બનવાનું હતું તેમ જ બન્યું છે' એમ માને છે તેવી રીતે બધાય પદાર્થોનું 'જેમ બનવાનું હોય તેમ જ બને છે' એવો નિર્ણય પણ હોય. અને જો એવો નિર્ણય હોય તો પછી 'હું પરદ્રવ્યોને નિમિત્ત થાઉં તો તેમનું કામ થાય, નિમિત્ત હોય તો જ કામ થાય, નિમિત્તનું કોઈ વખતે જોર છે' એવી બધી માન્યતા ટળી જાય. બધું નિયત છે, એટલે જે કાર્યમાં જે સમયે જે નિમિત્તની હાજરી રહેવાની હોય તે કાર્યમાં તે સમયે તે નિમિત્તની હાજરી સ્વયમેવ હોય જ. તો પછી 'નિમિત્ત મેલવવું જોઈએ અથવા નિમિત્તની ઉપેક્ષા ન કરી શકાય અથવા તો નિમિત્ત ન હોય તો કાર્ય ન થાય' એવી માન્યતાઓને અવકાશ જ ક્યાં છે ? જો સમ્યક નિયતવાદનો નિર્ણય હોય તો નિમિત્તાધીન દૃષ્ટિ ટળી જ ઝાય.

૨૪. મિથ્યા નિયતવાદને 'ગૃહીત' મિથ્યાત્વ કેમ કહ્યું છે ?

પ્રશ્ન :—મિથ્યા નિયતવાદને 'ગૃહીત' મિથ્યાત્વ કેમ કહ્યું છે ?

ઉત્તર :—નિમિત્તથી ધર્મ થાય, રાગથી ધર્મ થાય, શરીરાદિનું આત્મા કરી શકે એવી માન્યતારૂપ અગૃહીત મિથ્યાત્વ તો અનાદિનું છે અને જનમ્યા પછી શાસ્ત્ર વાંચીને અથવા કુગુરુ વગેરેના નિમિત્તે મિથ્યા નિયતવાદનો નવો કદાગ્રહ ગ્રહણ કર્યો, તેથી તેને ગૃહીત મિથ્યાત્વ કહેવાય છે, પહેલાં જેને અનાદિનું મિથ્યાત્વ હોય તેને જ ગૃહીત મિથ્યાત્વ થાય. જીવો શાતાશીળિયાપણાથી ઇન્દ્રિયવિષયોના પોષણ માટે 'જેમ થવાનું હશે તેમ થશે' એમ કહીને એક સ્વચ્છંદતાનો માર્ગ શોધી કાઢે છે તેનું નામ ગૃહીત મિથ્યાત્વ છે, અને આ સમ્યક્ નિયતવાદ તો સ્વભાવભાવ છે તેમાં સ્વતંત્રતા છે, વીતરાગતા છે.

૨૫. સમ્યક્ નિયતવાદના નિર્ણયથી નિમિત્તાધીન દૃષ્ટિ અને સ્વ–પરની એકત્વબુદ્ધિ ટળે છે.

જે વસ્તુમાં જે વખતે જેવો પર્યાય જે નિમિત્તની હાજરીમાં થવાનો હોય, તે

વસ્તુમાં તે વખતે તેવો જ પર્યાય થાય અને નિમિત્ત તે વખતે તે જ હોય, તે વખતે બીજો પર્યાય થાય નહિ અને બીજું નિમિત્ત પણ હોય નહીં, એ નિયમમાં ત્રણકાળ, ત્રણલોકમાં ફેરફાર થાય નહિ. આ જ નિયતનો યથાર્થ નિર્ણય છે. તેમાં આત્મસ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર આવી જાય છે અને નિમિત્ત ઉપરની દૃષ્ટિ ટળી જાય છે. 'હું પરનો કર્તા તો નથી, પણ હું પરને નિમિત્ત તો થાઉં' એવી જેની માન્યતા છે તે મિથ્યાદૃષ્ટિ છે. પોતે નિમિત્ત છે માટે પરનું કાર્ય થાય છે એમ નથી, પણ પર ચીજમાં પરની યોગ્યતાથી કાર્ય થાય છે તેમાં પોતાને નિમિત્ત કહેવામાં આવે છે. 'હું નિમિત્ત થાઉં તો પરમાં કાર્ય થાય' તેનો અર્થ એવો થયો કે પર વસ્તુમાં કાર્ય થવાનું ન હતું, પણ પોતે નિમિત્ત થયો તેથી તેમાં કાર્ય થયું. તે તો સ્વ–પરની એકત્વબુદ્ધિ જ થઈ.

**૨૬. લાકડું એની મેળે ઊંચું થાય છે, હાથના નિમિત્તથી નહિ.**

'આ લાકડું છે તેનામાં ઊંચું થવાની લાયકાત તો છે, પણ જ્યારે મારો હાથ તેને સ્પર્શે ત્યારે તે ઊપડે છે અર્થાત્ જ્યારે મારો હાથ તેને નિમિત્ત થાય ત્યારે તે ઊપડે છે' એમ માનનાર જીવો વસ્તુના પર્યાયને સ્વતંત્ર માનતા નથી એટલે કે તેઓની સંયોગી દૃષ્ટિ છે અને તેઓ વસ્તુના સ્વભાવને જ માનતા નથી, તેથી મિથ્યાદૃષ્ટિ છે. લાકડું જ્યારે ઊંચું નથી થતું ત્યારે તેનામાં ઊંચું થવાની લાયકાત જ નથી અને જ્યારે તેનામાં ઊંચું થવાની લાયકાત હોય છે ત્યારે તે સ્વયં થાય છે. તે હાથના નિમિત્તથી ઊંચું થતું નથી પણ જ્યારે ઊંચું થાય છે ત્યારે હાથ વગેરે નિમિત્ત સ્વયમેવ હાજર હોય જ છે. એવો ઉપાદાન–નિમિત્તનો મેળ કુદરતી હોય છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે 'હાથના નિમિત્તે લાકડું ઊંચું થયું' એમ કહેવાનો માત્ર વ્યવહાર છે.

**૨૭. લોહચુંબક સોયને ખેંચતું નથી.**

લોહચુંબક પથ્થર તરફ લોઢાની સોય ખેંચાય છે, ત્યાં લોહચુંબકે સોયને ખેંચી નથી, પણ સોયે પોતાની તેવી યોગ્યતાથી જ તે તરફ ગમન કર્યું છે.

પ્રશ્ન :—જો સોય પોતાની તેવી યોગ્યતાથી જ તે તરફ ગમન કરતી હોય તો જ્યારે લોહચુંબક પાસે ન હતો ત્યારે કેમ ગમન ન કર્યું? અને જ્યારે તે લોહચુંબક નજીક આવ્યું ત્યારે જ કેમ તે તરફ ગમન કર્યું?

ઉત્તર :—પહેલાં સોયમાં ગમન કરવાની યોગ્યતા જ ન હતી તથા તે વખતે લોહચુંબક પણ પાસે (સોયને ખેંચાવાયોગ્ય ક્ષેત્રમાં) હોય નહિ. અને જ્યારે સોયમાં ક્ષેત્રાંતર થવાની યોગ્યતા હોય ત્યારે લાહચુંબક અને તેના વચ્ચે અંતરાય હોય જ

નહિ. એવો જ ઉપાદાન–નિમિત્તનો સંબંધ છે કે બંનેનો મેળ હોય, છતાં એકબીજાના કારણે કોઈની ક્રિયા થઈ નથી. સોયમાં ગમન કરવાની યોગ્યતા થઈ માટે લોહચુંબક નજીક આવ્યું એમ નથી અને લોહચુંબક નજીક આવ્યું માટે સોય તેના તરફ ખેંચાણી તેમ પણ નથી. જે વખતે સોયમાં ક્ષેત્રાંતર થવાની લાયકાત હોય છે તે જ વખતે લોહચુંબકમાં પણ તે ક્ષેત્રે જ રહેવાની લયકાત હોય છે. આનું નામ જ નિમિત્ત–નૈમિત્તિક સબંધ છે.

### ૨૮. નિમિત્તપણાની લાયકાત.

પ્રશ્ન :—લોહચુંબક પથ્થર સોયમાં કાંઈ જ નથી કરતો તો તેને જ નિમિત્ત કેમ કહ્યો? અન્ય સામાન્ય પથ્થરને નિમિત્ત કેમ ન કહ્યો? જેમ લોહચુંબક સોયમાં કાંઈ નથી કરતું છતાં તેને નિમિત્ત કહેવાય છે, તો પછી લોહચુંબકની જેમ અન્ય પથ્થર પણ સોયમાં કાંઈ નથી કરતો છતાં તેને નિમિત્ત કેમ નથી કહેવાતો?

ઉત્તર :—તે સમયે તે કાર્યમાં લોહચુંબક પથ્થરમાં જ નિમિત્તપણાની લાયકાત છે, અર્થાત્ ઉપાદાનના કાર્ય માટે અનુકૂળ હોવાનો આરોપ આપી શકાય તેવી લાયકાત લોહચુંબક પથ્થરના તે સમયના પર્યાયમાં છે. બીજા પથ્થરમાં તેવી લાયકાત તે સમયે નથી. જેમ સોયમાં ઉપાદાનપણાની લાયકાત છે તેથી તેને ઉપાદાન કહેવાય છે, તેમ તે વખતે લોહચુંબક પથ્થરમાં જ નિમિત્તપણાની લાયકાત છે તેથી તેને નિમિત્ત કહેવાય છે. એક સમયની ઉપાદાનપણાની લાયકાત ઉપાદાનમાં છે અને એક સમયની નિમિત્તપણાની લાયકાત નિમિત્તમાં છે. પણ બંનેની લાયકાતનો મેળ છે, તેથી અનુકૂળને નિમિત્ત કહેવાય છે. જે લોહચુંબકમાં નિમિત્તપણાની લાયકાત છે તેને બીજા બધા પદાર્થોથી જુદો પાડીને ઓળખાવવા માટે 'નિમિત્ત' કહેવાય છે, પણ તેના કારણે સોયમાં કિંચિત્ વિલક્ષણતા થઈ નથી. ઉપાદાનમાં કાર્ય થાય ત્યારે વ્યવહારે—આરોપથી બીજા અનુકૂળ પદાર્થને નિમિત્ત કહેવાય છે. જ્ઞાનનો સ્વભાવ સ્વ–પરપ્રકાશક છે, તેથી તે ઉપાદાન અને નિમિત્ત બંનેને જાણે છે.

### ૨૯. નિમિત્તનું સ્વરૂપ સમજવા માટે ધર્માસ્તિકાયનું દૃષ્ટાંત.

બધાય નિમિત્તો 'ધર્માસ્તિકાયવત્' છે. (જુઓ, ઈષ્ટોપદેશ ગાથા–૩૫) ધર્માસ્તિકાય પદાર્થ તો લોકમાં સર્વત્ર છે, પણ જ્યારે વસ્તુ પોતાની ચાલવાની યોગ્યતાથી ચાલે છે ત્યારે ધર્માસ્તિકાયને નિમિત્ત કહેવાય છે, અને વસ્તુ ન ચાલે તો તેને નિમિત્ત કહેવાય નહિ. ધર્માસ્તિકાયની માફક જ બધા નિમિત્તોનું સ્વરૂપ સમજી લેવું. ધર્માસ્તિકાયમાં નિમિત્તપણાની એવી લાયકાત છે કે પદાર્થો ગતિ કરે તેમાં જ તેને નિમિત્ત કહેવાય,

પણ સ્થિતિમાં તેને નિમિત્ત કહેવાય નહિ. સ્થિતિમાં નિમિત્ત કહેવાય એવી લાયકાત અધર્માસ્તિકાયમાં છે.

**૩૦. સિદ્ધ ભગવાન અલોકમાં કેમ નથી જતા ?**

સિદ્ધ ભગવાન પોતાની ક્ષેત્રાંતર થવાની લાયકાતથી એક સમયમાં જ્યારે લોકાગ્રે ગમન કરે છે ત્યારે ધર્માસ્તિકાયને નિમિત્ત કહેવાય છે. પરંતુ કાંઈ ધર્માસ્તિકાયના અભાવને લીધે તેમનું અલોકમાં ગમન થતું નથી એમ નથી. તેઓ લોકાગ્રે સ્થિત થાય છે તે પણ તેમની તેવી જ લાયકાત છે તે કારણે છે. તે વખતે અધર્માસ્તિકાયને નિમિત્ત કહેવાય છે.

પ્રશ્ન :—સિદ્ધ ભગવાન લોકાકાશની બહાર કેમ ગમન કરતા નથી ?

ઉત્તર :—તેમની લાયકાત જ તેવી છે, કેમ કે તેઓ લોકનું દ્રવ્ય છે, તેથી તેમની લાયકાત લોકના છેડા સુધી જ જવાની છે. લોકાકાશની બહાર જવાની તેમનામાં લાયકાત જ નથી. 'અલોકમાં ધર્માસ્તિકાયનો અભાવ છે માટે સિદ્ધ ત્યાં ગમન કરતા નથી' એ માત્ર વ્યવહારનયનું કથન છે અર્થાત્ સ્વયં ઉપાદાનમાં અલોકમાં જવાની લાયકાત નથી તો નિમિત્ત પણ નથી એવો ઉપાદાન–નિમિત્તનો મેળ બતાવવા માટે તે કથન છે.

**૩૧. દરેક પદાર્થનું કાર્ય સ્વતંત્ર.**

કોઈએ પોતાના મુનિમ ઉપર પત્ર લખ્યો કે અમુક રૂપિયા બેંકમાં મૂકો. મુનિમે બેંકમાં તે મૂક્યા. તેમાં જીવે પત્ર લખવાનો વિકલ્પ કર્યો માટે પત્ર લખાયો એમ નથી, પત્ર આવ્યો માટે મુનિમને બેંકમાં રૂપિયા મૂકવાનો વિકલ્પ આવ્યો એમ નથી અને મુનિમને વિકલ્પ આવ્યો માટે રૂપિયા બેંકમાં મૂકાયા તેમ પણ નથી. તેવી જ રીતે, રૂપિયા બેંકમાં મૂકાવાના હતા માટે મુનિમને વિકલ્પ આવ્યો એમ નથી. એ પ્રમાણે દરેકમાં સમજી લેવું. જીવનો વિકલ્પ સ્વતંત્ર, કાગળની અવસ્થા સ્વતંત્ર, મુનિમનો વિકલ્પ સ્વતંત્ર અને રૂપિયાની અવસ્થા સ્વતંત્ર. મુનિમને વિકલ્પ આવ્યો ત્યારે કાગળને નિમિત્ત કહેવાયો તથા બેંકમાં રૂપિયા જવાની અવસ્થા થઈ ત્યારે મુનિમના વિકલ્પને નિમિત્ત કહેવાયો.

**૩૨. નિમિત્તને કારણે ઉપાદાનમાં વિલક્ષણ દશા થતી નથી.**

પ્રશ્ન :—ઉપાદાનમાં નિમિત્ત કંઈ કરતું નથી એ વાત તો સાચી, પણ નિમિત્ત હોય ત્યારે ઉપાદાનમાં વિલક્ષણ અવસ્થા તો થવી જ જોઈએને ? જેમ કે અગ્નિરૂપી

નિમિત્ત આવે ત્યારે પાણીને ઉષ્ણ થવું જ જોઈએ.

ઉત્તર :—એ વાત ખોટી છે. જે પાણીના પર્યાયની લાયકાત તે વખતે ઉષ્ણ થવાની હતી તે જ પાણી અગ્નિના સંયોગમાં આવ્યું છે અને પોતાની તેવી લાયકાતથી પોતાની મેળે જ ઉષ્ણ થયું છે પણ અગ્નિના કારણે તેને વિલક્ષણ થવું પડ્યું નથી અર્થાત્ અગ્નિએ પાણીને ઉષ્ણ કર્યું નથી.

**૩૩. મિથ્યાદૃષ્ટિ સંયોગને જુએ છે, સમ્યગ્દૃષ્ટિ સ્વભાવને જુએ છે.**

અગ્નિથી પાણી ઉષ્ણ થયું એવી માન્યતા તે સંયોગાધીન પરાધીનદૃષ્ટિ છે, અને પોતાની ઉષ્ણ થવાની યોગ્યતાથી જ પાણી ઉષ્ણ થયું છે એવી માન્યતા તે સ્વતંત્ર સ્વભાવદૃષ્ટિ છે. સંયોગાધીન દૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ છે ને સ્વભાવદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે.

મિથ્યાદૃષ્ટિ જીવ, દરેક વસ્તુની સમય સમયની યોગ્યતાથી જ તેનું દરેક કાર્ય થાય છે એમ સ્વતંત્ર સ્વભાવને નથી જોતો, પણ નિમિત્તના સંયોગને જુએ છે. એ જ એની પરાધીનદૃષ્ટિ છે અને તે દૃષ્ટિથી પરમાં એકત્વબુદ્ધિ કદી ટળતી નથી. સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વતંત્ર વસ્તુસ્વભાવને જુએ છે કે દરેક વસ્તુની સમય સમયની યોગ્યતાથી જ તેનું કાર્ય સ્વતંત્રપણે થાય છે.

**૩૪. ઉપાદાન અને નિમિત્ત–બંનેની સ્વતંત્ર લાયકાત (કપડું અને અગ્નિનું દૃષ્ટાંત).**

કપડામાં જે વખતે, જે ક્ષેત્રે, જે સંયોગમાં, બળવાની લાયકાત હોય તે વખતે, તે ક્ષેત્રે, તે સંયોગમાં, તેનો બળવાનો પર્યાય થાય છે, અને અગ્નિ પણ તે વખતે સ્વયં હાજર હોય છે. અગ્નિ આવ્યો માટે કપડું બળી ગયું એમ નથી અને કપડામાં બળી જવાની અવસ્થા થવાની લાયકાત હોય, પણ અગ્નિ કે બીજો યોગ્ય સંયોગ ન આવે તો તે અવસ્થા અટકી જાય એમ પણ બનતું નથી. જે સમયે કપડામાં બળવાની યોગ્યતા હોય તે સમયે તે બળે જ, અને તે વખતે અગ્નિ પણ હાજર હોય જ. છતાં અગ્નિની ઉપસ્થિતિના કારણે કપડાની અવસ્થામાં કાંઈ પણ વિલક્ષણતા થઈ નથી. અગ્નિએ કપડાને બાળ્યું તે માન્યતા મિથ્યા છે.

કોઈ પૂછે કે કપડું બળતી વખતે અમુક જ અગ્નિ હતો અને બીજો ન હતો તેનું શું કારણ? તો તેનો ઉત્તર એ છે કે તે વખતે જે અગ્નિ હતો તે જ અગ્નિમાં નિમિત્તપણાની લાયકાત હતી. તે વખતે બીજો અગ્નિ ન જ હોય, કેમ કે તેનામાં નિમિત્તપણાની લાયકાત હોતી જ નથી. ઉપાદાન વખતે જેનામાં નિમિત્તપણાની યોગ્યતા

હોય તે જ નિમિત્ત હોય, બીજો નિમિત્ત હોય જ નહિ. સૌના પોતપોતાના કારણે સૌની અવસ્થા થઈ રહી છે. ત્યાં 'નિમિત્તથી થયું અથવા નિમિત્તે કર્યું' એમ અજ્ઞાની માને છે.

**૩૫. ઉપાદાન અને નિમિત્ત–બંનેની સ્વતંત્ર લાયકાત (આત્મા અને કર્મનો સિદ્ધાંત).**

આત્મા પોતાના પર્યાયમાં જ્યારે રાગ–દ્વેષ કરે ત્યારે કર્મના જે પરમાણુઓની ઉદયમાં આવવાની યોગ્યતા હોય તે ઉદયરૂપ હોય જ, ત્યારે કર્મ ન હોય તેમ ન બને. પણ કર્મ ઉદયમાં આવ્યું માટે જીવે રાગ–દ્વેષ કર્યા એ માન્યતા ખોટી છે અને જીવે રાગ–દ્વેષ કર્યા માટે કર્મ ઉદયમાં આવ્યું એ માન્યતા પણ ખોટી છે. જીવે પોતાના પુરુષાર્થની નબળાઈથી રાગ–દ્વેષ થવાની યોગ્યતા હતી તેથી જ રાગ–દ્વેષ કર્યા છે, અને તે વખતે જે કર્મોમાં ઉદયમાં આવવાની યોગ્યતા હતી તે કર્મો ઉદયમાં આવ્યા છે, અને તેને જ નિમિત્ત કહેવાય છે; પણ તે કર્મના કારણે જીવના પર્યાયમાં રાગ–દ્વેષ કે વિલક્ષણતા થયા નથી.

જ્યારે જ્ઞાનનો પર્યાય અપૂર્ણ હોય ત્યારે જ્ઞાનાવરણકર્મમાં જ નિમિત્તપણાની લાયકાત છે. જીવ પોતાના પર્યાયમાં મોહ કરે ત્યારે મોહકર્મને જ નિમિત્ત કહેવાય એવી તે કર્મ પરમાણુઓમાં નિમિત્તપણાની યોગ્યતા છે. જેમ આત્મામાં ઉપાદાનપણાની સમયે સમયે સ્વતંત્ર યોગ્યતા છે, તેમ મોહકર્મના તે તે પરમાણુમાં નિમિત્ત તરીકેની સમયે સમયે સ્વતંત્ર યોગ્યતા છે.

પ્રશ્ન :—જીવે રાગ–દ્વેષ કર્યા માટે પરમાણુમાં કર્મ અવસ્થા થઈને ?

ઉત્તર :—નહિ. જગતના અમુક પરમાણુ જ શા માટે કર્મરૂપે થયા અને બીજા પરમાણુ કેમ કર્મરૂપે ન થયા ? માટે જે જે પરમાણુઓમાં કર્મરૂપે થવાની લાયકાત હતી તે જ પરમાણુઓ કર્મરૂપે પરિણમ્યા છે. તેઓ પોતાની તેવી લાયકાતથી જ કર્મરૂપે થયા છે, જીવના રાગ–દ્વેષને કારણે નહિ.

**૩૬. પર ઉપર જોવાનું નથી પણ સ્વ ઉપર જોવાનું છે.**

પ્રશ્ન :—જ્યારે પરમાણુઓમાં કર્મરૂપે થવાની લાયકાત હોય ત્યારે આત્માએ રાગ–દ્વેષ કરવા જ જોઈએ, કેમ કે પરમાણુમાં કર્મરૂપે થવાનું ઉપાદાન છે તેથી ત્યાં જીવના વિકારરૂપ નિમિત્ત પણ હોવું જ જોઈએ–એ વાત બરાબર છે ?

ઉત્તર :—એ પ્રશ્ન જ અજ્ઞાનીનો છે. તારે તારા સ્વભાવમાં જોવાનું કામ છે કે પરમાણુમાં જોવાનું કામ છે ? જેની સ્વતંત્ર દૃષ્ટિ થઈ છે તે આત્મા ઉપર જુએ છે

અને જેની નિમિત્તાધીન દૃષ્ટિ છે તે પર ઉપર જુએ છે. 'જ્યારે જે વસ્તુની જે અવસ્થા થવાની હોય ત્યારે તે વસ્તુની તે જ અવસ્થા થાય' એમ જેણે યથાર્થ નિર્ણય કર્યો તેને દ્રવ્યદૃષ્ટિ થઈ, સ્વભાવદૃષ્ટિ થઈ. હવે સ્વભાવદૃષ્ટિમાં તેને તીવ્ર રાગાદિ થતાં જ નથી, અને તેથી તે જીવના નિમિત્તે તીવ્ર કર્મરૂપે પરિણમે એવી લાયકાતવાળા પરમાણુઓ પણ આ જગતમાં હોતા નથી. જીવે પોતાના સ્વભાવના પુરુષાર્થથી સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, ત્યાં તે જીવને માટે મિથ્યાત્વાદિ કર્મરૂપે પરિણમે એવી લાયકાત જગતના કોઈ પરમાણુઓમાં હોતી જ નથી. તે સમ્યગ્દૃષ્ટિને જે અલ્પ રાગ–દ્વેષ છે તે પોતાના વર્તમાન પર્યાયની તેવી યોગ્યતાથી છે અને તે વખતે અલ્પ કર્મરૂપે બંધાવાની પરમાણુના પર્યાયમાં લાયકાત છે. આ રીતે સ્વલક્ષથી શરૂ કરવાનું છે.

જગતના પરમાણુઓમાં મિથ્યાત્વાદિ કર્મરૂપે થવાની લાયકાત છે માટે જીવને મિથ્યાત્વાદિ ભાવ થવા જ જોઈએ, એવી જેની માન્યતા છે તે જીવ સ્વદ્રવ્યના સ્વભાવને જાણતો નથી, અને તેથી તે જીવના નિમિત્તે મિથ્યાત્વાદિરૂપે પરિણમવાને યોગ્ય પરમાણુઓ આ જગતમાં હોય છે એમ જાણવું. પરંતુ સ્વભાવદૃષ્ટિથી જોનાર જીવને મિથ્યાત્વ હોતું જ નથી અને તેથી તે જીવના નિમિત્તે મિથ્યાત્વાદિરૂપે પરિણમે એવી લાયકાત પણ જગતના કોઈ પરમાણુમાં હોતી નથી. સ્વભાવદૃષ્ટિથી જ્ઞાની વિકારના અકર્તા થઈ ગયા છે, તેથી 'જ્ઞાનીને વિકાર કરવો પડે' એ વાત જ ખોટી છે. જે અલ્પ વિકાર છે તે પણ સ્વભાવદૃષ્ટિના જોરે પુરુષાર્થ વડે ટળતો જ જાય છે. આવી સ્વતંત્ર સ્વભાવદૃષ્ટિ (સમ્યક્ શ્રદ્ધા) કર્યા વગર જીવ જે કંઈ શુભભાવરૂપ વ્રત, તપ, ત્યાગ કરે તે બધુંય 'રણમાં પોક'ની જેમ મિથ્યા છે.

**૩૭. ફૂંકથી ડુંગર ઉડાવવાની વાત !**

શંકાકાર—વસ્તુમાં જ્યારે જે પર્યાય થવાનો હોય ત્યારે તે પર્યાય થાય અને ત્યારે નિમિત્ત પણ હોય, પણ નિમિત્ત કાંઈ કરે નહિ કે નિમિત્ત દ્વારા કોઈ કાર્ય થાય નહિ–એ તો ફૂંકથી ડુંગર ઉડાવવા જેવું છે !

સમાધાન—અરે ભાઈ, અહીં તો ફૂંકથી પહાડ ઉડે એ વાત પણ નથી. પહાડના અનંત પરમાણુઓમાં ઉડવાની લાયકાત હોય તો પહાડ એની મેળે ઉડે છે. પહાડને ઉડવા માટે ફૂંકની પણ જરૂર પડતી નથી. કોઈને એમ થાય કે 'અરે ! આ તો કેવી વાત છે ? શું પહાડ એની મેળે ઉડતા હશે ?' પરંતુ ભાઈ, વસ્તુમાં જે કામ થાય છે (અર્થાત્ જે પર્યાય થાય છે) તે તેની પોતાની જ શક્તિથી(–લાયકાતથી) થાય છે. વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી. પરવસ્તુનો તો તેમાં અભાવ છે તો તે શું કરે ?

(ક્રમશઃ)

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—** *આપે પહેલાં કહેલ કે ઉદાસીનપણે રહેવાનો રસ આવવો જોઈએ, જ્ઞાતા-દૃષ્ટા રહેવામાં રસ આવવો જોઈએ. તો તેનો પ્રયોગ શું?*

**સમાધાન :—** આત્મા અને તેનો સ્વભાવ જે નિવૃત્તસ્વરૂપ છે તેનો પોતાને રસ હોવો જોઈએ એમ થતાં આત્મા તે રૂપે પરિણમન કરે તો એવી નિવૃત્ત પરિણતિ થાય અને જ્ઞાયકનું બળ વધવાથી કર્તાપણું છૂટે. હું બસ ઉદાસીન જ્ઞાયક છું. હું કોઈનું કાંઈ કરી શકતો નથી. વિભાવમાં જોડાઈ જવા છે, પણ હું જ્ઞાયક છું. આ વિભાવ મારો સ્વભાવ નથી, હું તો જાણનારો છું,–જ્ઞાતાપણે રહેનારો છું. આમ જ્ઞાયક સ્વભાવની જેને દૃઢતા હોય કે હું તો જ્ઞાયક જ છું અર્થાત્ જ્ઞાતાપણાનો જેને રસ હોય તે અને જેને ઉદાસીન રહેવાની રુચિ હોય,–ઉદાસીનતામાં રસ હોય, તે નિવૃત્તપણે રહી શકે. જીવને અનાદિનો કર્તાબુદ્ધિનો એટલો બધો રસ લાગ્યો છે કે હું કરું, આ મેં કર્યું એમ થાય છે. તે રસની અંદર તેને જ્ઞાતા થઈને નિવૃત્ત રહેવું કે હું કાંઈ કરી શકતો નથી, તે મુશ્કેલ પડે છે. જ્ઞાયકનો જેને રસ હોય, મહિમા હોય તે અંદરની મહિમાથી નિર્ણય કરે–શ્રદ્ધા કરે તો નિવૃત્ત પરિણતિ પ્રગટ કરી શકે છે. વિકલ્પ વખતે પણ જ્ઞાયક રહેવાનો રસ હોય, તેવી જેને અંદરની જ્ઞાયકની નિવૃત્તદશા રુચતી હોય તે ઉદાસીન રહી શકે છે. જેને કર્તૃત્વબુદ્ધિ રુચતી હોય તે ઉદાસીન રહી ન શકે. તેણે વિચારથી તો નક્કી કર્યું હોય કે હું કર્તા નથી, જ્ઞાતા છું. પણ અંદરથી જ્ઞાયકની મહિમાનો રસ હોય તો તેને જ્ઞાયકની વારંવાર ભાવના અને જિજ્ઞાસા થાય, અને તો તેને તેવી પરિણતિ પ્રગટ થાય. કાંઈ કરવું નહિ એવી નિવૃત્ત દશા જેને ગમતી હોય, રુચતી હોય તે અંદર રહી શકે. પછી બહારનાં અમુક કાર્યોમાં તે જોડાય, પણ અંદરથી એકત્વબુદ્ધિ છૂટી જાય. આવી જાતની નિવૃત્તમય પરિણતિ જ તેને રુચે તો અંતરમાં પ્રવૃત્તિમાંથી રસ ઊડી જાય.

અશુભથી બચવા શુભભાવ આવે તે જુદી વાત છે, પણ અંતરમાંથી આત્માનો નિવૃત્તમય સ્વભાવ છે તેમાં આનંદ આવવો જોઈએ. સ્વભાવ પરિણતિમાં આનંદ આવે, અંદર રહેવામાં રસ આવે, કર્તા થવામાં રસ છૂટી જાય ને જાણનાર રહેવામાં રસ આવે કે હું તો જાણનાર-ઉદાસીન જ્ઞાયક છું. પર પદાર્થનું હું કાંઈ કરી શકતો નથી, તેના કોઈ ફેરફારો કરી શકતો નથી. તે જાણનાર હોવા છતાં અમુક રાગને લઈને કાર્યમાં જોડાય, તો પણ એની મર્યાદા હોય છે. પોતાને ભૂલીને પરમાં, વિભાવમાં

જોડાઈ જાય એવું ન થાય. જ્ઞાયકતાની, ઉદાસીનતાની મર્યાદામાં જ રહે છે.

કર્તાબુદ્ધિમાં જીવને એટલું બધું પરની સાથે એકત્વ થઈ જાય છે કે પોતાનું જ્ઞાયકપણું ભૂલી જાય છે. તેથી તો આચાર્યદેવે આખો કર્તા-કર્મ અધિકાર જુદો લીધો છે તથા ગુરુદેવે પણ કર્તા-કર્મ અધિકારનો બહુ જ ખુલાસો કર્યો છે.

કર્તાબુદ્ધિના રસમાં કાંઈ કરવું નહિ એવી જાતની શ્રદ્ધા કરવી મુશ્કેલ પડે છે, આમાં એકકોર બેસી જવું એમ નહિ પરંતુ અંદરથી શ્રદ્ધામાં પલટો ખાવાની વાત છે.

**પ્રશ્ન :–** *પંચમકાળમાં આવા ગુરુ મળવા મુશ્કેલ છે મહાભાગ્ય કે આવા ગુરુ મળી ગયા.*

**સમાધાન :—** પંચમકાળમાં સાચા ગુરુ મળવા જ મુશ્કેલ છે. તેમાં વળી આવી રીતે સમજાવનારા ગુરુ મળવા બહુ મુશ્કેલ છે. એકની એક વાત વારંવાર કેટલી વાર સમજાવતા ! આવા ગુરુ મળવા બહુ મુશ્કેલ છે. શાસ્ત્રમાં આવે છે ને ? કે ધોબીને ત્યાંથી વસ્ત્ર લાવીને ઓઢીને સૂઇ ગયો. તેને વારંવાર કહે કે આ વસ્ત્ર મારું છે, મને આપી દે, મને આપી દે, આ મારું છે—એમ વારંવાર, વારંવાર કહે ત્યારે તેને ઘડ બેસે કે સાચેસાચ આ વસ્ત્ર મારું નથી. તેમ ગુરુદેવ વારંવાર કહેતા કે આ જ્ઞાયક આત્મા તું છે, શરીર તું નથી, વિભાવ તું નથી. તું આત્મા, જ્ઞાતા છો, તું કર્તા નહિ. આ શરીર તારું નથી, શરીર તું નથી. આમ કેટલીયે વાર કહે ત્યારે ઘડ બેસે. ગુરુદેવે કેટલાં વર્ષો સુધી કહ્યું, વારંવાર કહ્યું. આવો ઉપદેશ દેનારા ગુરુ શિષ્યોને મહાભાગ્યે મળે છે.

આચાર્યદેવ કહે છે કે જીવ મોહમાં ટકે છે તે આશ્ચર્ય છે. મોહમાં તું કેમ રહે છે ? મોહ વગરનો આત્મા મોહમાં ઊભો છે, એ આશ્ચર્ય છે.

**પ્રશ્ન :—** *શું આત્માને ઓળખ્યા વિના રાગ-દ્વેષ છૂટે નહિ ?*

**સમાધાન :—** પહેલાં સ્વભાવની પ્રતીતિ કરે તો રાગ-દ્વેષ ભિન્ન પડે, તે પહેલાં ભિન્ન વાસ્તવિકપણે કેવી રીતે પડે ? બાહ્ય વૈરાગ્યપૂર્વક તેને મોળા પાડે કે આ સારાં નથી, આ રાગ-દ્વેષ કરવા જેવા નથી. પણ તે રીતે વાસ્તવિક ભિન્ન પડતા નથી, સ્વભાવને ઓળખે તો જ રાગ-દ્વેષ ભિન્ન પડે છે.

જે પાત્ર આત્માર્થી હોય–જેને આત્માનું પ્રયોજન હોય–તેને વધારે પડતા અર્થાત્ પોતાને શોભે નહિ તેવા કષાયો ન હોય પણ કષાયની ઉપશાંતતા અને વૈરાગ્ય એ બધું હોય. મારે આત્માનું જ કરવું છે. આ રાગ-દ્વેષ કાંઈ રાખવા જેવા નથી એમ આત્માનું પ્રયોજન સાધવા માટે વૈરાગ્ય કરે તો રાગ-દ્વેષ મોળા પડે, પણ ભેદજ્ઞાન કર્યા વગર તે ભિન્ન પડતા નથી.

પહેલાં પાકી શ્રદ્ધા (નિર્ણય) કરે કે હું જ્ઞાયક-જાણનારો જ છું. શુભાશુભ ભાવ મારું સ્વરૂપ નથી. શરીર જુદું અને આત્મા જુદો છે. આ શરીર કાંઈ જાણતું નથી. હું અંદરમાં એક જાણનારું તત્ત્વ અનાદિ-અનંત શાશ્વત છું. આ રીતે તે જાણનાર તત્ત્વનો નિર્ણય બરાબર કરવો જોઈએ. જોકે તેને અશુભથી બચવા વચ્ચે દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા આવે, તો પણ મને એક આત્મા કેમ ઓળખાય ? તે પ્રયોજન તેનું હોવું જોઈએ. પ્રથમ આત્માની મહિમા આવવી જોઈએ કે આ બધું બહારનું સારભૂત વસ્તુ નથી, સારભૂત તો એક આત્મા જ છે. એમ મહિમા–નિર્ણય અંતરમાંથી થવો જોઈએ. પહેલાં એકદમ લીનતા ન થાય, પહેલાં શ્રદ્ધા થાય ને પછી લીનતા થાય. તો રાગ-દ્વેષ છૂટે.

**પ્રશ્ન :—** *જ્ઞાયકદેવની કેવી ભક્તિ આવે તો જ્ઞાયકદેવ પ્રગટ થાય ?*

**સમાધાન :—** જ્ઞાયકનું જ્ઞાન અને મહિમાપૂર્વક જ્ઞાયક...જ્ઞાયક...મને જ્ઞાયક જ જોઈએ છે, મારે જ્ઞાયક સિવાય બીજું કાંઈ જોઈતું નથી. જ્ઞાયકની એવી ભક્તિ અંદરથી આવવી જોઈએ.

જાગતાં જ્ઞાયક, સૂતાં જ્ઞાયક, ખાતાં-પીતાં, ઊઠતા-બેસતાં મારે જ્ઞાયક જ જોઈએ છે. મારે જ્ઞાયકદેવની મહિમા, ભક્તિ-સ્તુતિ કરવી છે, જ્ઞાયકને દેખવો છે, જ્ઞાયકનાં દર્શન કરવાં છે. હું જ્ઞાયકને જ જોયા કરું, જ્ઞાયકના ગુણ-ગ્રામ ગાઉં, જ્ઞાયકની પૂજા કરું એવી ભક્તિ હોય તો જ્ઞાયકદેવ પ્રગટ થયા વિના રહે નહિ.

જેમ જિનેંદ્રદેવ અને ગુરુને ઓળખીને નક્કી કરે કે આ દેવ છે ને આ સાચા ગુરુ છે પછી ભગવાનના દ્વારે જાય તો તેને એમ થાય કે મારે ભગવાનના દર્શન કરવાં છે, સ્તુતિ-પૂજા કરવી છે, એવી રીતે ગુરુનાં દર્શન કરું, ગુરુને જોયા જ કરું, ગુરુદેવની વાણી સાંભળ્યા કરું. પરીક્ષા કરીને નક્કી કર્યું હોય તો પછી સ્તવન–ગુણગ્રામ કરે ને દેવ-ગુરુ શું કહે છે તેનો આશય સમજવા પ્રયત્ન કરે. તેમ પ્રથમ આ જ્ઞાયક જ છે એમ લક્ષણથી ઓળખીને નક્કી કરે અને પછી તેની ભક્તિ-સ્તુતિ કરે તો જ્ઞાયકની ભક્તિ સાચી કહેવાય. (આ રીતે) જ્ઞાયકની પાછળ પડે તો પ્રગટ થયા વગર રહે જ નહિ. સાચો ભક્તિમાર્ગ આ છે.

દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ સાથે જ જ્ઞાયકની ભક્તિ આવવી જોઈએ. દેવ-ગુરુની સાચી ભક્તિ કોને કહેવાય ? કે તેમાં જ્ઞાયકની ભક્તિ ભેગી આવે. એકલી બાહ્ય ભક્તિ તે સાચી ભક્તિ નથી. જ્ઞાનપૂર્વક ભક્તિ હોવી જોઈએ.

[તા. ૧૨-૭-૨૦૦૩]

# સુવર્ણપુરી સમાચાર

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂ. બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : પરમાગમ શ્રી પંચાસ્તિકાયસંગ્રહ ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : શ્રી 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

રક્ષાબંધપર્વ :— આ દિવસે શ્રી વિષ્ણુકુમાર મુનિએ અકંપનાચાર્ય આદિ ૭૦૦ મુનિઓની બલિકૃત ઉપસર્ગથી રક્ષા કરી હતી; આ પાવન પર્વ શ્રાવણ સુદ ૧૫, મંગળવાર, તા. ૧૨-૮-૨૦૦૩ના દિવસે પૂજાભક્તિના સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

★ તા. ૨૦-૮-૨૦૦૩, બુધવારે ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહનો પ્રથમ વાર્ષિક ઉપકારસ્મૃતિ-દિવસ છે. આ દિવસ જ્ઞાનવૈરાગ્યની ઉપાસનાપૂર્વક વ્યતીત કરવામાં આવશે.

★ તા. ૨૬-૮-૨૦૦૩, મંગળવારે ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે શાહનો ૯૬મો વાર્ષિક જન્મદિવસ છે અને તે જ દિવસે 'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ'ના પ્રકાશનનો વાર્ષિક દિવસ છે. આથી આ બંને પ્રસંગ પૂજાભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

★ ગ્રીષ્માવકાશના કારણે પ્રતિદિન અનેક યાત્રી પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીની પવિત્ર સાધનાભૂમિના-આ અધ્યાત્મ અતિશયક્ષેત્રના દર્શન માટે આવતા રહે છે. આ સાધનાભૂમિના આધ્યાત્મિક વાતાવરણથી તથા વિશાળ મનોજ્ઞ જિનાયતનોના અવલોકનથી યાત્રીગણ ઘણા જ પ્રભાવિત તથા પ્રમુદિત થાય છે.

સ્વ૦ ચંદુલાલ શાંતિલાલ શાહ, કતારગામ (સુરત)ના સ્મર્ણાર્થે; હ. એક મુમુક્ષુબહેન તરફથી રૂા. ૧૦,૦૦૦=૦૦ ગુજરાતી પ્રકાશન ખાતે મળેલ છે.

અધ્યાત્મવિદ્યાસ્થલી સોનગઢમાં—

## * પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ *

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાસ્થલી શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૯૦મી જન્મજયંતી (તા. ૧૦-૮-૨૦૦૩ થી તા. ૧૪-૮-૨૦૦૩)ના મંગલમય અવસર પ્રસંગે અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થી પ્રૌઢ જૈન મહાનુભાવો માટે તા. ૭-૮-૨૦૦૩, ગુરુવારથી તા. ૨૬-૮-૨૦૦૩, મંગળવાર-વીસ દિવસનો પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ રાખેલ છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

સૂચના :—બહાર ગામથી આવતા શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે. પોતાનો બિસ્તરો તથા અન્ય આવશ્યક વસ્તુ તથા સમયસાર, મોક્ષમાર્ગપ્રકાશક, જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા-પાઠ્ય પુસ્તક—પોતાની પાસે હોય તો અવશ્ય સાથે લાવવા વિનંતી.

## અમેરીકામાં પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ૧૧૪મી જન્મજયંતી તથા ધાર્મિક શિક્ષણશિબિરનું આયોજિન સાનંદ સંપન્ન

અમેરીકામાં સ્થિત પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ભક્તગણે, તત્રસ્થ 'જૈન સ્વાધ્યાયમંદિર સોનગઢ' સંસ્થાના માધ્યમથી પૂજ્ય ગુરુદેવશ્રીનો ૧૧૪મો મંગલમય જન્મોત્સવ મિશિગન રાજ્યના 'ગ્રાન્ડ રેપિડઝ' શહેરમાં મેં માસની તા. ૧૬, ૧૭, ૧૮—એમ ત્રણ દિવસ માટે ભવ્યતાથી તથા આનંદોત્સાહપૂર્વક ઊજવ્યો. દૂર દૂર રાજ્યના તથા નાઈરોબીથી પધારેલ મુમુક્ષુઓએ ઉત્સાહપૂર્વક આ આયોજનનો લાભ લીધો. વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુપૂજા, ગુરુદેવ-વધામણાં, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન તથા શિબિરમાં તત્વજ્ઞાનનું શિક્ષણ વગેરે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો શિક્ષણશિબિરનું સંચાલન શ્રી સુભાષભાઈ શેઠ, ડૉ. કિરીટભાઈ ગોસલિયા તથા નીતિનભાઈ ભીમાણી દ્વારા કરવામાં આવેલ. આ પ્રસંગે આવાસ તથા ભોજનની સુંદર વ્યવસ્થાનો શ્રેય સુધીરભાઈ-સોનલબેન મોદીને આભારી હતો. વિભિન્ન કાર્યોમાં વિભિન્ન મુમુક્ષુ ભાઈ-બહેનોએ સુંદર સહયોગ આપ્યો હતો. આ સંપૂર્ણ પ્રસંગની વિગતવાર રૂપરેખા ફલોરિડાના શ્રી હસમુખભાઈ એમ શાહે દોરેલ.

શ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટ, પાર્લા-સાન્તાક્રુઝના પ્રમોદપૂર્ણ સૌજન્યથી

અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ સંપન્ન થવાવાળી

પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની

# ૯૦મી જન્મજયંતી

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિમાર્ગપ્રકાશિની ઉપકાર-કિરણો આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતાં રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને કારણે તેઓની ૯૦મી જન્મજયંતી આ વર્ષે શ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટ, પાર્લા-સાન્તાક્રુઝ તરફથી અતિ આનંદોલ્લાસ સહ સંપન્ન થશે. પૂજ્ય બહેનશ્રીની આ ૯૦મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન તા. ૧૦-૮-૨૦૦૩, રવિવાર થી તા. ૧૪-૮-૨૦૦૩, ગુરુવાર—પાંચ દિવસ સુધી શ્રી રત્નત્રયમંડલવિધાનપૂજા, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમયુક્ત સંપન્ન થશે. આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની આનંદોત્સાહવર્ધક પંચપરમાગમ-અનુવાદકરૂપ શુભ ઉપકારછાયામાં સંપન્ન થવાવાળા આ પંચાહ્નિક અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક ટેપ-પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ, તા. ૭-૮-૨૦૦૩, ગુરુવારથી તા. ૨૬-૮-૨૦૦૩, મંગળવાર—વીસ દિવસ સુધી ચાલનાર પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ—ઇત્યાદિ અનેકવિધ કાર્યક્રમનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા માટે હાર્દિક અનુરોધ છે.

**સૂચના :**—નિમંત્રણપત્રિકાની શુભ લેખનવિધિ સોનગઢમાં તા. ૧૪-૭-૨૦૦૩ના રોજ રાખેલ હતી.

નિવેદક :—

શ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ,

પાર્લા-સાન્તાક્રુઝ

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

❀ જીવ વિભાવ-પરિણામથી શૂન્ય છે, ક્યારે ?–કે ત્રણેકાળ ને ત્રણેલોકમાં. અરે ! જે અનંત કાળમાં ત્રસપણું પણ પામ્યો નથી ને ભવિષ્યમાં પણ ત્રસપણું પામશે નહીં એવા નિગોદનો જીવ પણ વિભાવના પરિણામથી શૂન્ય સ્વભાવે છે. પર્યાયમાં ભલે ગમે તે પ્રકાર હો પણ જે શુદ્ધ જીવ છે એ તો આવો જ છે. ત્રણેકાળ ને ત્રણેલોકમાં જે જીવ છે તે આવો જ છે, એટલે કે વિભાવ-પરિણામથી શૂન્ય શુદ્ધ જીવ છે. વર્તમાનકાળે શુદ્ધ કે ભવિષ્યમાં થશે ત્યારે શુદ્ધ છે એમ નહીં પણ ત્રણે કાળે ભગવાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આત્મા છે. ભલે પછી પાંચમો કે છઠ્ઠો આરો હો ને ભલે પછી કસાઈ થઈને ગાયોને કાપતો હોય પણ અંદર જે આત્મા છે તે આવો ભગવત્ સ્વરૂપ શુદ્ધ છે. પર્યાયમાં ગમે તેવા પરિણામ થયા પણ ભગવાન છે તે તેમાં આવતો જ નથી. કઈ દૃષ્ટિએ ?–પર્યાયદૃષ્ટિએ નહીં હો ! શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ ત્રિકાળ આનંદકંદ પ્રભુ શુદ્ધ છે અને તે જ ભૂતાર્થ છે. ૨૮૨.

❀ મુખ્ય વાત તો એ છે કે ભગવાન આત્મા ત્રિકાળી વસ્તુ તરીકે તો પર્યાયથી રહિત છે છતાં પર્યાયાર્થિકનયથી તેનું જે પરિણમન છે તે ક્રમસર થાય છે, આઘી-પાછી થતી નથી; તો પછી પુરુષાર્થ ક્યાં રહ્યો !–કે ક્રમસર થશે એવો નિર્ણય ક્યારે થાય ?–પર્યાયમાં રહીને પર્યાયનો નિર્ણય ન થાય, જ્ઞાયકસ્વભાવના લક્ષે ક્રમબદ્ધનો નિર્ણય થાય અને તે જ પુરુષાર્થ છે. જે પર્યાય થવાની હશે તે થશે તેનો નિર્ણય કોણે કર્યો ?—કે ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો જેણે નિર્ણય કર્યો છે તેને 'જે થવાનું હશે તે થશે' એવો સાચો નિર્ણય આવે છે. ૨૮૩.

❀ શરીરના નામથી પણ એવો રંગાઈ ગયો છે કે ઘોર નિંદ્રામાં પણ એનું નામ લ્યો ત્યાં બેઠો થઈ જાય ! તેમ આત્મામાં એવો રંગાઈ જાય કે ચૈતન્ય જ્ઞાયકજ્યોત છું એમ સ્વપ્નમાં પણ એ જ વાત આવે. જેને જેની લગની લાગી હોય તેને સ્વપ્ના પણ એ જ આવે. અમે આનંદ ને શુદ્ધ ચૈતન્ય છીએ, પુણ્ય ને પાપ તે અમે નહીં, અમે વ્યવહારે તેને જાણનારા છીએ, ખરેખર તેના જાણનારા પણ નથી. ૨૮૪.

*

❀ અહા! જુઓ તો ખરા! ક્રમબદ્ધ-પર્યાયના નિર્ણયમાં કેટલી ગંભીરતા છે! દ્રવ્યની પર્યાય પરથી ફરે છે એ તો વાત છે જ નહિ, પણ દ્રવ્ય પોતે પોતાની પર્યાયને આડીઅવળી ફેરવવા માંગે તોય ફરે નહિ. જેમ ત્રિકાળી દ્રવ્ય પલટીને બીજારૂપે થતું નથી તેમ તેનો એકેક સમયનો અંશ–પરિણામ પણ પલટીને બીજા અંશરૂપે થતો નથી.

*—સ્વાનુભવવિભૂષિત પૂજ્ય ગુરુદેવશ્રી*

❑ ❑ ❑

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–

વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–

વાર્ષિક લવાજમ : રૂા. ૯/–

વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–

[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334

41

D,
PR
NG

ANDAP
50